

# આમંત્રણ



સ્ટીવન્સ મેકવાન

ગુજરાતી ક્રિશ્ચિયન્સના કેલેન્ડરમાં સપ્ટેમ્બર મહિનામાં આવતી રજાઓની નોંધ જોતાં બીજી તારીખે અમેરિકામાં ઊજવાતા લેબર ડેની નોંધ જોઈ. બરાબર એની નીચે પાંચ તારીખે આવતા શિક્ષક દિનની નોંધ જોઈ, અને મન વિચારે ચઢ્યું. શું દૈવયોગે તો બન્નેની નોંધ સાથે સાથે નથી ને? ત્યારે યાદ આવ્યું આમંત્રણ. જેઓ શારીરિક કે માનસિક શ્રમ કરે છે તેવા શ્રમજીવીઓને મહાન શિક્ષક દ્વારા આપવામાં આવેલું મહાન આમંત્રણ.

સપ્ટેમ્બર માસનો પહેલો સોમવાર એટલે લેબર ડે, શ્રમથી છુટકારો. અમેરિકામાં એ જાહેર રજાનો દિવસ છે. તે દિવસે ન્યૂયોર્કમાં પરેડ યોજાય છે. લેબર યુનિયનો તેમાં ભાગ લે છે, વળી તે સોમવારનો દિવસ હોવાથી તેની આગળ શનિવાર-રવિવાર તેની સાથે જોડાયેલ હોવાથી ત્રણ દિવસનો લાંબો વીકએન્ડ મળે છે. તેથી ઉજવણી કરવાની લોકોને મજા આવે છે. લોકો પોતાના ઘરે કે પાર્કમાં બારબેક્યુ જમણ રાખે છે. જેમાં મંડળી કે, ફેમિલી કે, મિત્રો ભેગા મળી ઉજવણી કરે છે.

પહેલાના જમાનામાં જેવી ગુલામી પ્રથા હતી તેવી હવે પૃથ્વીના કોઈ પણ દેશમાં નથી. ગુલામીની પ્રથા બદલાઈ ગઈ છે. પણ તે સંપૂર્ણપણે નાબૂદ થઈ નથી. આપણે હવે તેને નોકરી કે જોબ કહીએ છીએ. તેમાં આપણે શ્રમના બદલામાં વેતન મેળવવા હક્કદાર છીએ અને માનસિક કે શારીરિક શ્રમ કરવો પડે છે. નોકરીના એટલા કલાકો દરમિયાન આપણે નોકરી આપનારના શ્રમિક બનીએ છીએ. ખરેખર તો એટલા કલાકો દરમિયાન આપણે તેના ગુલામ છીએ. પવિત્ર બાઇબલ આપણને જણાવે છે કે, માનવી પાપનો ગુલામ છે અને એ ગુલામીના બદલામાં તેને વેતન તરીકે મરણ મળે છે (રોમન ૬:૨૩). યશાયા લખે છે, અરે! પાપ કરનારી પ્રજા, અન્યાયથી લદાયેલા લોક, પાપ કરનારા સંતાન, વંઠી ગયેલાં છોકરાં; તેઓએ ઇસ્રાએલના પવિત્ર [ઈશ્વરને] ધિક્કાર્યો છે તેઓ વિમુખ થઈને પાછા ફરી ગયા છે (યશાયા ૧:૪). અહીં યશાયા અન્યાયથી લદાયેલા લોક વિષે કહે છે જ્યારે પાઉલ એવી સ્ત્રીઓ વિષે લખે છે, મૂર્ખ, પાપથી લદાયેલી, નાના પ્રકારની દુર્વાસનાઓની ગુલામ થયેલી, હંમેશાં શિક્ષણ લેનારી છતાં પણ સત્યનું જ્ઞાન પ્રાપ્ત નહિ કરી શકે એવી સ્ત્રીઓ (૨ તિમોથી ૩: ૬-૭) આવા લોકો કે જેઓ પાપના ગુલામ બનીને શેતાનને ત્યાં વૈતરું કરી રહ્યા છે. પાપથી અને દુર્વાસનાઓથી દબાઈ ગયા છે તેઓને પ્રભુ ઈસુ આમંત્રણ આપે છે. પ્રભુ ઈસુ તો મહાન શિક્ષક છે. તેમના જેવું શિક્ષણ કદી કોઈએ આપ્યું નથી. નિકોદેમસ જેવો ઇસ્રાએલનો ઉપદેશક પણ સમજી શકતો નહોતો. (યોહાન ૩:૧૦)

પ્રભુ ઈસુ શાસ્ત્રીઓ કે ફરોશીઓના જેમ શિક્ષણ આપતા નહોતા પણ બહુ જ અધિકારપૂર્વક તે શિક્ષણ આપતા હતા. જેમ નર્સિંગમાં કે એન્જિનિયરીંગમાં કે પછી બીજા કોઈ પણ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમમાં પ્રેક્ટિકલ શિક્ષણ આપનાર શિક્ષક હોય છે તેવા પ્રભુ ઈસુ પ્રેક્ટિકલ શિક્ષક હતા. તેઓ આમંત્રણ આપતા કહે છે, આવો અને જુઓ (યોહાન ૧:૩૯) શિષ્યોને પ્રેક્ટિકલ શિક્ષણ આપવા માટે તેમની સાથે જ રાખી લીધા (માર્ક ૩:૧૪) આ અદ્‌ભુત શિક્ષકનું આમંત્રણ છે. જેઓ ભારથી લદાઈ ગયેલ છે, મરણના દાસત્વ નીચે વૈતરું કરી રહ્યા છે તેઓને કહે છે. "ઓ વૈતરું કરનારાઓ તથા ભારથી લદાયેલાઓ, તમે સઘળા મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ. મારી ઝૂંસરી તમે પોતા પર લો, ને મારી પાસે શીખો; કેમ કે હું મનમાં નમ્ર તથા રાંકડો છું, ને તમે તમારા જીવમાં વિસામો પામશો, કેમ કે મારી ઝૂંસરી સહેલ છે, ને મારો બોજો હલકો છે." (માથ્થી ૧૧: ૨૮-૩૦) જેઓ હજુ પણ દાસત્વની ઝૂંસરી નીચે છે મારી પાસે આવો ને હું તમને વિસામો આપીશ. હું એવો મહાન શિક્ષક છું એક તરફ હું પોતે ઝૂંસરીમાં જોડાયો છું, તે

મારી ઝૂંસરી તમે પોતાના પર લો બીજી તરફ તમે જોડાવ. જોરાવર બળદ પોતે બધો ભાર ખેંચીને નવાસવા નાના બળદને શીખવે તેમ હું તમને શીખવીશ. મારી પાસે શીખો કેમ કે હું મનમાં નમ્ર તથા રાંકડો છું. મનની નમ્રતા અને રાંકપણું શું છે તે હું તમને શીખવીશ અને જ્યારે તમે તે શીખશો ત્યારે તમારા જીવમાં વિસામો પામશો કેમ કે મારી ઝૂંસરી સહેલ છે અને મારો બોજો હલકો છે. મનની નમ્રતા રાંકપણું શીખવું બહુ ઉત્તમ છે. કેમ કે પહાડ પર ધન્યતાઓનું વર્ણન કરતાં મહાન શિક્ષકે પોતાનું મોં ઉઘાડીને તેઓને ઉપદેશ કરતાં કહ્યું કે, આત્મામાં જેઓ રાંક છે તેઓને ધન્ય છે; કેમ કે આકાશનું રાજ્ય તેઓનું છે. (માથ્થી ૫: ૧-૩) આકાશનો ઈશ્વર એક રાજ્ય સ્થાપન કરશે કે જેનો નાશ કદી થશે નહિ, ને તેની હકૂમત અન્ય પ્રજાના કબજામાં સોંપાશે નહિ; પણ તે આ સઘળાં રાજ્યોને ભાંગીને ચૂરા કરીને તેમનો ક્ષય કરશે, ને તે સર્વકાળ ટકશે (દાનિયેલ ૨:૪૪). જે રાજ્ય સર્વકાળ ટકનાર છે તે રાજ્ય જેઓ આત્મામાં રાંક છે તેઓનું છે. આ આત્માનું રાંકપણું શીખવું પડે અને મહાન શિક્ષક તે શીખવવા તૈયાર છે. કયે માર્ગે તારે ચાલવું તે હું તને શીખવીશ તથા બતાવીશ; મારી નજર તારા પર રાખીને હું તને બોધ આપીશ (ગી.શા. ૩૨:૮). દરેકને માટે શિક્ષકનું આમંત્રણ ખુલ્લું છે. જેઓને તેણે પસંદ કર્યા તેઓને તેણે બોલાવ્યા; અને તેઓ તેની પાસે આવ્યા (માર્ક ૩:૧૩)

જો આપણે તેની પાસે આવીને અને ઝૂંસરીમાં સામા છેડે જોડાઈએ અને શીખીએ તો તે આપણને બનાવશે, પસંદ કરેલી જાતિ, રાજમાન્ય યાજક વર્ગ, પવિત્ર પ્રજા તથા [પ્રભુના] ખાસ લોક કે, જેથી જેણે અંધકારમાંથી પોતાના આશ્ચર્યકારક પ્રકાશમાં [આવવાનું] આમંત્રણ આપ્યું છે, આપણને સામે છેડે ઝૂંસરીમાં જોડાવવાનું આમંત્રણ. શિષ્યો બનવાનું આમંત્રણ કે જેથી તે મહાન શિક્ષકની સઘળી સંપૂર્ણતા પ્રમાણે સંપૂર્ણ થઈને (એફેસી ૩:૧૯) આપણે તેના સદ્‌ગુણો પ્રગટ કરીએ (૧ પિતર ૨:૯) શું તમે તે આમંત્રણ સ્વીકાર્યું છે?✍

**સ્ટીવન્સ મેકવાન, ન્યુયોર્ક, યુ.એસ.એ.**

★ ★ ★


Now join your favourite magazine on facebook:

www.facebook.com/gujaratichristians

and press Like button

Like us on Facebook

**Tell your friends to join and help build a strong and united Gujarati Christians Community**

**અગત્યની સૂચના:** ગુજરાતી ક્રિશ્ચિયન્સ નામના ઘણા ભળતાં પેજીસ ફેસબુક ઉપર ગ્રૂપ અને પેજ તરીકે ઉપલબ્ધ છે. ગુજરાતી ક્રિશ્ચિયન્સ મેગેઝીનનું ઓફિશિયલ ફેસબુક પેજ Gujarati Christians Magazine એ શબ્દો વડે સર્ચ કરવાથી મેગેઝિનના અધિકૃત લોગો સહિત સર્ચ રિઝલ્ટ્સમાં જોવા મળશે અથવા આપના વેબ બ્રાઉઝરમાં www.facebook.com/gujaratichristians ટાઈપ કરીને લોગીન કરવાથી મળી શકશે. આ ઓફિશિયલ પેજ શોધીને લાઈક કરશો, તો આપને અમારા તરફથી રેગ્યુલર અગત્યના ન્યૂઝ તથા અન્ય અપડેટ્સ ઉપલબ્ધ થશે.




# વિશ્વાસનું વાવેતર



*"તમારાં હૃદયોને વ્યાકુળ થવા ન દો, તમે ઈશ્વર પર વિશ્વાસ રાખો છો મારા પણ પણ રાખો." યોહાન ૧૪:૧*

**મ**નુષ્યજાતના આ જગત પરના જીવનમાં વિશ્વાસનું વાવેતર ખૂબ જ મહત્ત્વનું જ કહી શકાય. વિશ્વાસ તૂટતા સંબંધોમાં મધુરતા ઘટી જાય છે.

એ કાવ્ય પંક્તિનો સાર આ સમજાવે છે.

*"આંસુઓના પડે પ્રતિબિંબ એવાં દર્પણ ક્યાં છે,*
*કહ્યાં વિના સઘળું સમજે એવાં સગપણ ક્યાં છે."*

વિશ્વાસને જાણવો હોય તો બાઇબલને હાથમાં લેવું જ રહ્યું. યોહાન ૩: ૧૨-૧૬ જો મેં તમને પૃથ્વી પરની વાતો કહી છતાં તમે વિશ્વાસ કરતાં નથી તો હું તમને આકાશમાંની વાતો કહું તો તમે કેમ વિશ્વાસ કરશો?

'કેમ કે ઈશ્વરે જગત પર એટલી પ્રીતિ કરી કે તેમણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો એ સારુ કે જે કોઈ તેમના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય પણ તે અનંતજીવન પામે.' આજના સમયોમાં માનવસંબંધોમાં વિશ્વાસ છે ખરો? શું વિશ્વાસના વાવેતરને પ્રસારવા માનવી તૈયાર છે ખરો? કેમ કે વિશ્વાસની ઈંટ પર સંબંધોની ઈમારત ઊભી થાય છે. જો વિશ્વાસનું વાવેતર મજબૂત હશે તો ઈમારત કાયમ માટે ઊભી રહેશે. પણ જો એમાં કંઈક ઊણપ આવશે તો ઈમારતમાં ક્યારે તિરાડ પડશે એ કહી શકાતું નથી. આપણે રોજ સમાચાર પત્રો વાંચીએ છીએ તો જોવા મળે છે કે, 'ઘરેથી કહ્યા વિના ચાલ્યા ગયા છે' જાહેર ચેતવણી આપવામાં આવી હોય છે કે મારો પુત્ર/પુત્રી મારા કહ્યામાં નથી તેની સાથે કોઈએ લેવડ-દેવડ કરવી નહીં. આવું કેમ થાય? એક વાત ચોક્કસ છે કે બાંધેલા સંબંધોમાંથી વિશ્વાસ ઊઠી જાય ત્યારે આવું પરિણામ જોવા મળે.

વિશ્વાસનો વિરોધી શબ્દ છે "અવિશ્વાસ" સાચી વ્યક્તિ પર અવિશ્વાસ હોય ત્યારે સંબંધો છેતરામણા બને છે.

પ્રભુ ઈસુને તેમના બાર શિષ્યો સાથે "વિશ્વાસનું સગપણ" હતું. યહૂદા પર પ્રભુને વિશ્વાસ હતો છતાં યહૂદાનું મન ઈસુ સાથેના સંબંધમાં નહોતું તે પૈસાના પ્રલોભનમાં ફસાયો હતો તેથી પ્રભુ ઈસુના નિર્મળ પ્રેમને તે સમજી ન શક્યો અને તેણે જે કાર્ય કર્યું તેને પરિણામે પ્રભુ ઈસુને આકરી સજા થઈ અને ક્રૂસ પર વેદનાયુક્ત મરણ સહન કરવું પડ્યું. તો બીજી તરફ અયૂબ વિષે જોઈએ તો તે નિર્દોષ પ્રામાણિક તથા ભૂંડાઈથી દૂર રહેનારો પ્રભુનો વિશ્વાસુ સેવક હતો. તેમ છતાં શેતાન દ્વારા તેના પર ખૂબ જ આફતો આવી પડી. અનેક પ્રકારની તકલીફોમાંથી પસાર થવું પડ્યું પણ પ્રભુ પરના વિશ્વાસમાં અડગ હોવાથી અંતે તે સર્વસ્વ પોતાનું બધું જ પાછું મેળવી શક્યો. માટે જો વિશ્વાસની દોરી પ્રભુ સાથે બંધાયેલી હશે તો કોઈપણ પ્રકારની મુશ્કેલી આવશે નહીં અને જો તે આવશે તો તેમાંથી બહાર આવવાના રસ્તાઓ પણ પ્રભુ પૂરા પાડશે જ. બાઇબલરૂપી ખજાનામાં વિશ્વાસ વિષે ખૂબ જ સમજપૂર્વક વચનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જે આ પ્રમાણે છે:

વિશ્વાસનું નિખાલસપણું : ઈસુએ કહ્યું કે તું દેખતો થા તારા વિશ્વાસે તને બચાવ્યો. લૂક ૧૮:૪૨ વિશ્વાસનું સામર્થ્ય : અને જે કંઈ તમે વિશ્વાસ રાખીને પ્રાર્થનામાં માગશો તે સઘળું તમે પામશો. માથ્થી ૨૧:૨૨ વિશ્વાસથી જીવન : હું ખ્રિસ્તની સાથે વધસ્તંભે જડાયો પરંતુ હું જીવું છું તોપણ હવેથી હું નહિ પણ મારામાં ખ્રિસ્ત જીવે છે અને હવે દેહમાં જે મારું જીવન તે ઈશ્વરના દીકરા પર વિશ્વાસથી જ છે. તેણે મારા પર પ્રેમ રાખ્યો છે અને મારે સારુ પોતાનું અર્પણ કર્યું. ગલાતી ૨:૨૦ વિશ્વાસથી તારણ : પછી તેણે તે સ્ત્રીને કહ્યું કે તારા વિશ્વાસે તને બચાવી છે શાંતિથી જા. લૂક ૭:૫૦✍

**જયપ્રકાશ ડી. રોય, નડિયાદ**

★ ★ ★




# શિક્ષકદિન



ક્રિશ્ચિયન રીન્કુ નિરજ

"Teacher - The World's best personality..."

શિક્ષકદિન એટલે ગુરુના આદરનો દિવસ. શિક્ષકદિન એ શિક્ષકની ગરિમાનો દિવસ છે. શિક્ષક બનવાનું સદ્‌ભાગ્ય અમુક ખાસ લોકોને જ મળે છે. ૫મી સપ્ટેમ્બર, મહાન કેળવણીકાર અને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનો જન્મદિવસ. તેમની યાદમાં જ ૫ સપ્ટેમ્બર શિક્ષકદિન તરીકે ઊજવાય છે. શિક્ષકો પ્રત્યે આદરભાવ વ્યક્ત કરવાનો આ ખાસ દિવસ છે. આમ તો દરેક દિવસે આદરભાવ આપી શકાય પરંતુ કોઈ એક દિવસે, દરેક જગ્યાએ, દરેક શિક્ષકને એક સાથે આપવામાં આવતો આદર એટલે શિક્ષક દિન...

પુસ્તકના જ્ઞાનની સાથે નૈતિક મૂલ્યો અને સંસ્કારરૂપી શિક્ષણના માધ્યમથી શિક્ષક પોતાના વિદ્યાર્થીઓનું ચરિત્ર ઘડતર કરી શકે છે. પ્રાચીન સમયમાં શિષ્યો ગુરુકુળમાં રહીને શિક્ષા મેળવતા હતા. આજે આ શિક્ષણ ભવ્ય ઈમારતોમાં આવી ગયું છે. જેને આપણે શાળા કહીએ છીએ.

**શિક્ષણ વિશે કેટલાક મહાનુભાવોના વિચારો:**

- ❖ શિક્ષણનો હેતુ વિદ્યાર્થીઓના મગજમાં માહિતીનું ભૂંસુ ભરવાનો નથી હોતો પણ વિદ્યાર્થીઓના મનને રૂઢિઓ, માન્યતાઓ, પૂર્વગ્રહો, અભિપ્રાયો વગેરેથી પૂર્ણપણે મુક્ત કરી એને સ્વતંત્રપણે વિચાર કરતો કરવાનો હોય છે... જે કૃષ્ણમૂર્તિ
- ❖ શિક્ષણ તો આહાર જેવું છે. પહેલા જ કોળિયે એના સ્વાદનો આનંદ મળવો જોઈએ અને તે માતૃભાષામાં જ શક્ય બને છે...રવીન્દ્રનાથ ટાગોર
- ❖ આજે શિક્ષણનું મુખ્ય કામ અન્યાય સામે લડવાનું શીખવવાનું છે. ભણેલો માણસ શૂરવીર હોય. શિક્ષણમાંથી શક્તિ પ્રગટવી જોઈએ, હારેલો માણસ બેઠો થવો જોઈએ... મનુભાઈ પંચોળી
- ❖ શિક્ષણ વિના બુદ્ધિ નષ્ટ થઈ જાય છે. બુદ્ધિ વિના નૈતિકતા નષ્ટ થઈ જાય છે અને નૈતિકતા વિના વિકાસ નહીં થાય... જ્યોતિબા ફૂલે
- ❖ બાળકોમાં શિક્ષણને પ્રિય મનાવવું હોય તો એક બાળકની જેમ શિક્ષણ રચવું પડે. કંઈક શીખવાડવા માટે દંડ નહીં સ્નેહ અને પ્રેમ સૌથી પ્રભાવશાળી પદ્ધતિ છે. કઠોરતા અપનાવતા બાળકો સુધરતા નથી પરંતુ બગડી જાય છે... ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર

આપણા દેશને, સમાજને એકએકથી ચડિયાતા શિક્ષકો/ગુરુઓ મળ્યા છે. જાણો છો આ વિશ્વગુરુઓને...?? તો ચાલો, એક ઝલક એમની પણ જોઈ લઈએ અને તેમણે આપેલા યોગદાનની કદર પણ કરી લઈએ. આ વિશ્વગુરુઓ એટલે...,

૧. **ચાણક્ય :** ત્રીજી સદી, ઈ.સ. પૂર્વે રાજનીતિ-અર્થશાસ્ત્રના પ્રખર પંડિત. જેમણે પોતાની કૂટનીતિથી સાધારણ બાળક ચંદ્રગુપ્તને દેશનો સમ્રાટ બનાવી દીધો.

૨. **વિષ્ણુ શર્મા :** ત્રીજી સદી ઈ.સ. પૂર્વે પંચતંત્રના રચયિતા શિક્ષણને વાર્તામાં બદલી નાખ્યું. ત્રણ મૂર્ખ રાજકુમારોને યોગ્ય પ્રશાસક બનાવવા પંચતંત્રની રચના કરી.

૩. **આર્યભટ્ટ :** પાંચમી સદીના મહાન ગણિતજ્ઞ, ખગોળશાસ્ત્રી જેમણે દુનિયાને 'શૂન્ય' આપ્યું. ગણિત પર આર્યભટ્ટીય નામે મહાન ગ્રંથ લખ્યો.

૪. **ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર :** ઓગણીસમી સદી. જેમણે વિધવા પુનઃવિવાહ કાયદો પસાર કર્યો. સ્ત્રીઓના શિક્ષણ માટે કામ કર્યું.

૫. **નિવાસન રામાનુજન :** અઢારમી સદી. માત્ર ૩૨ વર્ષની વયે જ ચાર હજાર જેટલા થિયોરમ્સ આપ્યા છે. તેમણે ઈન્ફાઈનાઈટ શ્રેણી આપી. જેનો પ્રયોગ પાઈની ગણતરીમાં થાય છે. તેમને 'ગણિતના જાદુગર' કહેવામાં આવતા હતા.

૬. **જ્યોતિબા ફૂલે :** ઓગણીસમી સદી. જેમણે મહિલાઓ અને દલિતોના ભણતર માટે કામ કર્યું.

૭. **પ્રો. એચ. એન. મહાબાલા :** જેમણે અનેક આઈટી આઈકોન આપ્યા. દેશમાં કોમ્પ્યૂટરનું શિક્ષણ લોકો સુધી પહોંચાડ્યું.

૮. **મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયા :** જેમણે છોકરીઓ માટે પ્રથમ ફર્સ્ટ ગ્રેડ કોલેજ શરૂ કરાવી.

૯. **ડો. અબ્દુલ કલામ :** ભારતને પરમાણુ શક્તિવાળો દેશ બનાવ્યો. રાષ્ટ્રપતિ બન્યા છતાં શિક્ષકની જેમ જ ઓળખાવા માંગતા હતા. માટે જ બાળકોના દરેક પ્રશ્નોના બમણા ઉત્સાહથી જવાબ આપતા હતા.

૧૦. **ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન :** ૪૦ વર્ષ સુધી શિક્ષક રહ્યા.

૧૧. **પ્રેમચંદ :** લાંબો સમય સુધી શિક્ષક ના રહ્યા પરંતુ જ્યાં સુધી રહ્યા ત્યાં સુધી જીવનના વાસ્તવિક દર્શનથી જ બાળકોને શીખવાડતા રહ્યા.

૧૨. **દાદાભાઈ નવરોજી :** ગણિત ભણાવતા હતા. તેમના લીધે જ ભારત અને ઈંગ્લેન્ડમાં એક સાથે સિવિલ સર્વિસની પરીક્ષા લેવાની શરૂઆત થઈ. તેનાથી ભારતીયોને બરાબરીનો અવસર મળ્યો.

૧૩. **બાળગંગાધર ટિળક :** ડેક્કન એજ્યુકેશન સોસાયટીની સ્થાપના કરી. જેથી દેશમાં ભણતરનું વાતાવરણ સુધરે. વિદ્યાર્થીઓને સસ્તું અને સારું શિક્ષણ મળે તે માટે ન્યૂ ઈંગ્લિશ સ્કૂલ શરૂ કરી.

૧૪. **અન્ના સાહેબ કર્વે :** જે વિદ્યાર્થી ભણતરમાં નબળો હોય તેને પોતાના ઘરે રાખીને ભણાવતા અને તેનો ભણતરનો ખર્ચ જાતે ભોગવતા.

૧૫. **મહાદેવી વર્મા :** અલાહાબાદમાં પ્રયાગ મહિલા વિદ્યાપીઠની સ્થાપના કરી. તેઓ હંમેશા કહેતા કે મહિલા ભણશે તો સમગ્ર પરિવાર શિક્ષિત થશે. મહિલાઓ માટે સમાન હક્કની હિમાયત કરનાર.

આવા મહાન શિક્ષકોને પ્રણામ. કેમ કે સમાજમાં પરિવર્તન માટે હજારો મુશ્કેલીઓ વેઠીને પણ મક્કમ રહ્યા. આમાં બીજા ઘણા બધા શિક્ષકોને સામેલ નથી કરી શકાયા પણ તેમ છતાં સમાજ તેમના પ્રત્યે હંમેશાં કૃતજ્ઞ રહેશે. આદર્શ શિક્ષક હંમેશાં વિદ્યાર્થીઓને આગળ વધવા માટે સાચી દિશા દેખાડે તેમના માર્ગદર્શક બની રહે. એકવાર એક વર્ગખંડમાં શાળાના શિક્ષકે બોર્ડ પર લખાણ લખ્યું...

| | |
|---|---|
| ૯×૧=૦૯ | ૯×૬=૫૪ |
| ૯×૨=૧૮ | ૯×૭=૬૩ |
| ૯×૩=૨૭ | ૯×૮=૭૨ |
| ૯×૪=૩૬ | ૯×૯=૮૧ |
| ૯×૫=૪૫ | ૯×૧૦=૮૯ |

આ લખાણ જોયા બાદ વર્ગના વિદ્યાર્થીઓ શિક્ષક પર હસવા લાગ્યા. કારણ કે છેલ્લી લીટીમાં ભૂલ હતી. પછી શિક્ષકે કહ્યું, મેં છેલ્લી લીટી કોઈ હેતુસર ખોટી લખી છે. કારણ કે હું તમને કંઈક મહત્ત્વની વાત સમજાવવા માંગુ છું. દુનિયા તમારી સાથે આવો જ વ્યવહાર કરશે. તમે બોર્ડ પર જોઈ શકો છો કે મે નવ વખત સાચું લખ્યું પણ તમારામાંથી કોઈએ મારા વખાણ ના કર્યા. પરંતુ મારી એક ભૂલને કારણે તમે બધા હસવા લાગ્યાં. મારી ટીકા પણ કરી. માટે મારી તમને બધાને એક જ સલાહ છે કે, ક્યારેય લોકોની ટીકાથી ડરશો નહીં પણ તમારા માર્ગ પર અડગ રહી આગળ વધતા રહેશો. કેમ કે દુનિયા ક્યારેય પણ તમારા લાખો સારા કામને બિરદાવશે નહીં, પરંતુ તમારી એક નાનકડી ભૂલની ટીકા-ટિપ્પણી જરૂર કરશે. એવું કહેવાય છે કે શિક્ષણ એ સૌથી શક્તિશાળી હથિયાર છે. જેનો ઉપયોગ તમે વિશ્વને બદલવા માટે કરી શકો છો અને શિક્ષક માટે તો એવું કહી શકાય કે...

"શિક્ષક ઉસ સડક કે જૈસે હોતે હૈ, ખુદ જહાં હૈ વહી પર રહતે હૈ
મગર દૂસરો કો ઉનકી મંજીલ તક પહુંચા હી દેતે હૈ."

સર્વ શિક્ષક ભાઈ-બહેનોને શિક્ષકદિનની શુભકામનાઓ...✍

**ક્રિશ્ચિયન રીન્કુ નિરજ, અમદાવાદ**



**શું આપે આજે ગુજરાતી ક્રિશ્ચિયન્સ સામયિકની સેવાઓ માટે પ્રાર્થના કરી?**